વિકસતિ જાતિ કલ્યાણ અને અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓના કર્મચારીઓને પેન્શન/નિવૃત્તિના લાભો આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૧૩/૬૨૩૫૬૦(ભાગ-૧)/અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- /૦૭/૨૦૧૭
11 JUL 2017

વંચાણમાં લીધાઃ-

(૧) શિક્ષણ વિભાગનો તા.૦૬/૦૪/૨૦૦૨નો ઠરાવ ક્રમાંક : ખપશ/૧૧૦૧/સીસી/૩૨૪/ચ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૪/૦૬/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૩/૬૨૩૫૬૦/અ-૧

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૦/૧૧/૨૦૧૫નો પરિપત્ર ક્રમાંકઃસશપ/૧૦૨૦૧૩/૬૨૩૫૬૦/અ-૧

(૪) નાણાં વિભાગનો તા.૦૧/૦૩/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૧૦/૧૬૧૭/પી

(૫) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૯/૦૩/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૩/૬૨૩૫૬૦/અ-૧

(૬) નિયામકશ્રી (વિ.જા.ક.), ગાંધીનગરનો તા.૨૬/૦૮/૨૦૧૬નો પત્ર ક્રમાંક : વિજાક/અમશ/પે.નિ.લા./૧૬-૧૭/૧૮૯

પ્રસ્તાવનાઃ

વંચાણે લીધેલા ક્રમાંક (૧) પરના ઠરાવથી રાજ્યની સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળના વિકસતિ જાતિ કલ્યાણ અને અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ, પેન્શન તેમજ નિવૃત્તિવિષયક લાભો આપવાનું ઠરાવવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના પરિપત્રથી ઉક્ત ઠરાવના અમલીકરણ અંગેની માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે. પેન્શન/વયનિવૃત્તિના લાભો ચુકવવા અંગે કેટલાક વહીવટી મુદ્દાઓ સંદર્ભે વંચાણે લીધેલા ક્રમાંક (૬) પરના પત્રથી નિયામકશ્રી (વિ.જા.ક) કક્ષાએથી સરકારશ્રીનું માર્ગદર્શન માંગવામાં આવેલ. ઉક્ત બાબતે સ્પષ્ટતાઓ બહાર પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :

પુખ્ત વિચારણાને અંતે આ વિભાગ હસ્તકની અનુસૂચિત જાતિ અને વિકસતિ જાતિની ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓના શૈક્ષણિક/બિન શૈક્ષણિક કર્મચારીઓને પેન્શન/વય નિવૃત્તિના લાભો આપવા અંગે નીચે મુજબની સ્પષ્ટતાઓ બહાર પાડવામાં આવે છે.

(૧) વંચાણે લીધેલ ક્રમાંકઃ (૪) પરના તા.૦૧/૦૩/૨૦૧૬ના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૧૦/૧૬૧૭/પી થી ગ્રાન્ટ ઇન એઇડ પ્રાથમિક શાળાઓના કર્મચારીઓના પેન્શન કેસો અધિકૃત કરવાની કામગીરી નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડને આપવામાં આવેલ છે, તે મુજબ પ્રશ્ન હેઠળની આશ્રમશાળાઓના કર્મચારીઓના પેન્શન કેસો અધિકૃત કરવા અંગેની કામગીરી નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીની રહેશે.

(૨) પેન્શનના લાભો અંગેનો ખર્ચ મુખ્ય સદર ૨૦૭૧ તથા તેને આનુષંગિક પેટા સદરો હેઠળ પાડવાનો રહેશે.

(૩) પેન્શનના લાભો માટે ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ના નિયમો અને વખતો વખત તેમાં થયેલ સુધારાઓનો અમલ કરવાનો રહેશે.

(૪) પેન્શનનું ચુકવણું સંબંધિત પેન્શન ચુકવણા કચેરી/જિલ્લા તિજોરી કચેરીએ કરવાનું રહેશે.

(૫) તા.૦૧/૦૧/૧૯૯૭ બાદ વયનિવૃત્તિ બાદ અવસાન પામેલા હોય તેવા કર્મચારીઓના વારસદારોને નિયમાનુસાર ( શિક્ષણ વિભાગ હેઠળની માન્ય ગ્રાન્ટ ઇન એઇડ પ્રાથમિક શાળાઓના કર્મચારીઓને મળતા) વયનિવૃત્તિના લાભો ચુકવવાના રહેશે. સંબંધિત સંચાલક મંડળોએ/નિમણૂક સત્તાધિકારીએ આવા કર્મચારીઓના પેન્શન કેસો તૈયાર કરી સંબંધિત જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી/જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.ક.) તેમજ નાયબ નિયામકશ્રી (અ.જા.ક.) મારફત નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગરને મોકલી આપવાના રહેશે.

(૬) ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓના બિનરાજ્યપત્રિત કર્મચારીઓ માટે પેન્શન મંજૂર કરનાર અધિકારી તરીકે સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.ક.)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા.ક.) તેમજ નાયબ નિયામકશ્રી(અ.જા.ક.) રહેશે.

(૭) વંચાણે લીધેલા ઠરાવો/પરિપત્રોને આધિન પેન્શન/વયનિવૃત્તિ લાભો મેળવવા પાત્ર ઠરતા કર્મચારીઓના કેસોમાં ઊભા થતા વહીવટી પ્રશ્નો અંગે જિલ્લા કચેરીઓએ નિયામકશ્રી (અ.જા.ક.), નિયામકશ્રી(વિ.જા.ક.)નું માર્ગદર્શન મેળવવાનું રહેશે. જરૂર જણાયે નિયામકશ્રીઓએ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનું માર્ગદર્શન મેળવી લેવાનું રહેશે.

આમુખમાં વંચાણે લીધેલા ક્રમાંક (૨) પરના આ વિભાગના તા.૨૪/૦૬/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૩/૬૨૩૫૬૦/અ-૧ અને વંચાણે લીધેલા ક્રમાંક (૩) પરના આ વિભાગના તા.૨૦/૧૧/૨૦૧૫ના પરિપત્ર ક્રમાંક: સશપ/૧૦૨૦૧૩/૬૨૩૫૬૦/અ-૧ તેમજ વંચાણે લીધેલા ક્રમાંક (૫) પરના આ વિભાગના તા.૧૯/૦૩/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૩/૬૨૩૫૬૦/અ-૧થી બહાર પાડેલ અન્ય સુચનાઓ તેમજ આ અંગે અનુસૂચિત જાતિ કલ્યાણ અને વિકસતિ જાતિ કલ્યાણ હેઠળની આશ્રમશાળાઓ માટે બહાર પાડેલી નીતિની આનુષંગિક બાબતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૬/૦૭/૨૦૧૭ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કે.જી.વણઝારા )
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.)ના અંગત મદદનીશશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક સચિવશ્રી (વિ.જા.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી (પેન્શન), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી (અ.જા.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું. ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું. ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રીઓ (અ.જા.ક./વિ.જા.ક.) સંબંધિત નિયામકશ્રી (અ.જા.ક. /વિ.જા.ક.) મારફત
- સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (વિ.જા.ક) નિયામકશ્રી(વિ.જા.) મારફત
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- સેકશન અધિકારીશ્રી ગ, બજેટ અને કોમ્પ્યુટર સેલ શાખા(વિભાગની વેબસાઇટ પર મુકવા માટે), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેકટ ફાઇલ-૨૦૧૭